વિષય:- ગુજરાતી (પલાશ ) ધોરણ:-6 સત્ર-2

પાઠ –12 અપરાજેય..? 25 marks

વિધાથીનું નામ:-.......................................................................................................

**પ્રશ્ન 1: પ્રશ્નો ના ઉત્તર આપો**

(1) પદ્મવ્યૂહ અંગે અભિમન્યુને કઈ બાબતનું જ્ઞાન ન હતું? 2 MARKS

ઉત્તર :

(2) દ્રોણના ગર્વના ચૂરેચૂરા શી રીતે થયા? 2 MARKS

ઉત્તર :

(3) શું બન્યું હોત તો અભિમન્યુ બચી શક્યો હોત? 2 MARKS

ઉત્તર :

(4) અભિમન્યુની કઈ વાત તમને ખૂબ ગમી? 2 MARKS

ઉત્તર :

(5) અત્યારે યુદ્ધમાં કર્યા કર્યા હથિયારો વપરાય છે? 1 MARKS

ઉત્તર

**પ્રશ્ન 2. 'તેરમા દિવસે સવારે ...આનંદ લાંબો સમય ન ટક્યો.' સુધી વાંચી અને ખરાં વિધાન સામે ✓અને ખોટા વિધાન સામે X નિશાની કરો :** 3 MARKS

(1) દ્રોણે પદ્મવ્યૂહની રચના કરી તેથી પાંડવસેના ચિંતિત હતી.[ ]

(2) પિતા અને મામાએ અભિમન્યુને પદ્મવ્યૂહ ભેદતા શીખવ્યું હતું.[ ]

(3) અભિમન્યુને વિશ્વાસ હતો કે તે પોતે ચક્રવ્યૂહ તોડી શકશે.[ ]

**પ્રશ્ન 3. 'અભિમન્યુની પાછળ જતા ભીમ..."શાંત નિશ્ચલ ઊભા રહ્યા." સુધી વાંચો અને વિધાન કોને લાગુ પડે છે તે લખો.** 3 MARKS

(જયદ્રથ, અભિમન્યુ, દુર્યોધન, દ્રોણ, દ્રૌપદી, અર્જુન, યુધિષ્ઠિર, ભીમ, કૃષ્ણ)

(1) પાંડવોને આગળ વધતા અટકાવી દીધા.[.................]

(2) જોતજોતામાં એણે વ્યૂહની એક પછી એક હરોળ તોડી નાખી.[.....................]

(3) પુત્રના મૃત્યુથી એ ખૂબ ગુસ્સે ભરાયો.[..................]

**પ્રશ્ન 4. વાર્તાના શબ્દનો અર્થ ધારો અને.[✓] કરો : 3 MARKS**

(1) મહાવિનાશ – મોટો સંહાર ,મોટી આફત, મહા વિકરાળ

(2) દીપાવવું – દીવો કરવો, ઉજવવું, શોભાવવું.

(3) વેરવિખેર -વેરાન થવું, દુશ્મનાવટ, વેરણછેરણ.

**પ્રશ્ન: 5 કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો: 7 MARKS**

(ત્રાટકીશું, ફાળ પડી, લગોલગ, દીપાવશે, મહાવિનાશ, પીઠ થાબડી, હતાશ, અસમર્થ, વેરવિખેર)

દ્રોણના પદ્મવ્યૂહના સમાચાર સાંભળીને પાંડવસેના .......થઇ ગઈ હતી. અર્જુનની ગેરહાજરીમાં પદ્મવ્યૂહ તોડવા પોતે ............છે એવું ભીમ અને યુધિષ્ઠિર સમજતા હતા. અર્જુન તો ઘડીભરમાં ચક્રવ્યૂહને ............કરી શકે. અર્જુનની ગેરહાજરીમાં પાંડવસેનામાં .......સર્જાશે એવો ખ્યાલ આવતાં પાંડવ યોદ્ધાઓને ..........હતી. જોકે યુધિષ્ઠિરને જેવી ખબર પડી કે અભિમન્યુ પદ્મવ્યૂહ તોડી શકે છે, ત્યારે તરત જ તે અભિમન્યુની .......... આવી પહોંચ્યા અને પૂછ્યું, “વત્સ, તું પદ્મવ્યૂહ જાણે છે?!" "અવશ્ય તાતશ્રી!” અભિમન્યુનો આત્મવિશ્વાસ જોઈને યુધિષ્ઠિરે એની ....,,,,,... પાંડવ યોદ્ધાઓને લાગ્યું કે અભિમન્યુ પાંડવકુળનું નામ .........ભીમે કહ્યું, “પુત્ર, તું પદ્મમાં પ્રવેશ કરશે કે તરત જ અમે પણ ............અને પદ્મને છિન્નભિન્ન કરી દઈશું...